# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-09-2026 EVENING: 7.10 TO 7.20**
**Day : MONDAY Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

***************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી રાજ્યના ત્રણ દિવસના પ્રવાસે - આવતીકાલે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે 92 કલાકારોને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એનાયત કરશે.

2) ગાંધીનગર મહાનગરપાલિકા સહિત સ્થાનિક સ્વરાજ્યની ખાલી પડેલી બેઠકો માટે આજથી ઉમેદવારીપત્રો ભરવાનો પ્રારંભ.

3) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ભાદરવી પૂનમના મહામેળા માટે વધારાની બસોનું લોકાર્પણ કર્યું – એસ ટી નિગમ દ્વારા ૩૦ હજાર જેટલી ટ્રીપોનું સંચાલન.

4) રાજ્ય સરકારે અધિકારીઓની કામગીરીને પ્રોત્સાહન આપવા ‘અટલ સુશાસન પુરસ્કાર’ની જાહેરાત કરી.

5) આગામી 7 દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી.

6) રિલાયન્સ કપ સીનીયર મેન્સ ઇન્ટર ડીસ્ટ્રીક ફૂટબોલ ટુર્નામેન્ટમાં 6 જિલ્લાની ટીમો નોક આઉટમાં પહોંચી.

----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PRESIDENT GUJARAT VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાજ્યના ત્રણ દિવસના પ્રવાસે વડોદરા પહોંચ્યા. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વડોદરા ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું સ્વાગત કર્યું. સુશ્રી મૂર્મુ  આવતીકાલે કેવડિયાના એકતા નગર ખાતે 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોના પ્રસ્તુતિ સમારોહની અધ્યક્ષતા કરશે.

બુધવારે, રાષ્ટ્રપતિ વડોદરા ખાતે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના 75મા વાર્ષિક દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે. તેઓ બ્રહ્મા કુમારીઝના અભિયાન વિશ્વ નવીકરણ માટે આધ્યાત્મિક જાગૃતિનો પણ પ્રારંભ કરશે અને વડોદરા ખાતે ગ્લોબલ સ્પિરિચ્યુઅલ પેલેસ રીટ્રીટ સેન્ટરનું ઉદ્ઘાટન કરશે.

# NATIONAL FILM AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે આવતીકાલે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે ફિલ્મજગતના 92 કલાકારોને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એનાયત કરાશે. માહિતી અને પ્રસારણ મંત્રાલયની વિશેષ પહેલના ભાગરૂપે આ સમારોહનું આયોજન દિલ્હીની બહાર કરવામાં આવ્યું છે. સમારોહ માટે એકતાનગર ખાતે વિશાળ વિશેષ ડોમ તૈયાર કરાયો છે.

દરમિયાન ફિલ્મી સિતારાઓનું એકતાનગર ખાતે આગમન શરૂ થયુ છે.સમારોહમાં ભાગ લેવા કલાકારો સ્ટેચ્યૂ ઓફ યુનિટી પોહચી રહ્યા છે. આ અંગે મંત્રાલયના સચિવ ચંચલ કુમારે વધુ માહિતી આપી..

**(BYTE : CHANCHAL KUMAR)**

***(सरदार पटेल का संदेश है, वो बड़े अच्छे गतिविधियों से यहां पर दर्शाया गया है. और जो एकता की फीलिंग है, जो भावनाएं हैं, देश के प्रति काम करने की जो कंस्ट्रक्टिव अप्रोच होती है, यह हमारे यंगर जनरेशन को यह संदेश देता है. जो हमारा 'एक भारत, श्रेष्ठ भारत' की परिकल्पना है, उसको सिद्ध करते हुए यह लोग आएंगे, यहां देखेंगे और जब वापस जाएंगे, तो इस चीज़ के बारे में, इस स्थल के बारे में, यहां की जो खासियत है, इसके बारे में लोगों को बताएंगे.)***

# LOCAL BODY ELECTION

ગાંધીનગર મહાનગરપાલિકા સહિત સ્થાનિક સ્વરાજ્યની ખાલી પડેલી બેઠકો માટે આજથી ફોર્મ ભરવાનો પ્રારંભ થયો છે. ઉમેદવારો 26 સપ્ટેમ્બર સુધી ફોર્મ ભરી શકશે. 28 સપ્ટેમ્બરે ઉમેદવારીપત્રોની ચકાસણી થશે જ્યારે 29 સપ્ટેમ્બર સુધી ઉમેદવારીપત્રો પરત ખેંચી શકાશે. આગામી 11 ઓક્ટોબરે મતદાન અને 13 ઓક્ટોબરે મતગણતરી હાથ ધરાશે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર ગાંધીનગર મનપાની સાથે ઓખા અને થરા નગરપાલિકાની 1-1 બેઠક માટે બોટાદ, ખેડા, જુનાગઢ, દેવભૂમિ દ્વારકા, પંચમહાલ અને બનાસકાંઠા સહિતના જીલ્લાઓમાં ખાલી પડેલી બેઠકો માટે ચૂંટણી યોજાશે.

દરમિયાન ગાંધીનગર મનપાની ચૂંટણીને લઈ ભાજપે સેન્સ પ્રક્રિયા શરૂ કરી છે.

# VIDHYASAHAYAK – JILLA PASANDAGI

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં 11 હજાર વિદ્યાસહાયકોની નિમણૂક માટે આજથી જિલ્લા પસંદગી પ્રક્રિયાનો પ્રારંભ થયો છે.

શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાએ ગાંધીનગર ખાતે સમગ્ર પસંદગી પ્રક્રિયાનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરીને ઉમેદવારો સાથે સંવાદ સાધ્યો હતો. પ્રસંગે તેમણે જણાવ્યું કે, પ્રક્રિયાના પ્રથમ ચરણમાં દિવ્યાંગ ઉમેદવારોને અગ્રતા આપીને જિલ્લા પસંદગીની તક આપવામાં આવી છે. ગાંધીનગર ખાતે ઉમેદવારોની સુવિધા માટે દરરોજ 600 જેટલા ઉમેદવારો જિલ્લા પસંદગી કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

# BHADARVI POONAM – EXTRA BUSES

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદમાં ભાદરવી પૂનમના મહામેળા-2026 અંતર્ગત વધારાની બસોનો પ્રારંભ અને નવીન બસોનું લોકાર્પણ કર્યું. અંબાજીના મેળા માટે રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા આ વર્ષે એક હજાર જેટલી બસો દ્વારા વધારાની 30 હજાર જેટલી ટ્રીપો સંચાલન કરશે. જેનો લાભ અંદાજે 15 લાખ યાત્રાળુઓ મેળવશે. શ્રદ્ધાળુઓની સુવિધા માટે અંબાજી ખાતે 10 બૂથ, હંગામી શેડ, પીવાનું પાણી, અને GPS મોનિટરિંગ કંટ્રોલ રૂમ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

નવીન બસોના લોકાર્પણ પ્રસંગે વાહનવ્યવહાર રાજ્યમંત્રી પ્રવીણ માળી અને શહેરી વિકાસ રાજયમંત્રી દર્શના વાઘેલા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શ્રી માળીએ આ અંગે વધુ માહિતી આપી.

**(BYTE : PRAVIN MALI, MINISTER)**

*(૬,૦૦૦ થી વધુ બસો દ્વારા ૩૦,૦૦૦ ટ્રિપોનું સંચાલન આ વર્ષે ભાદરવી પૂનમ મેળા દરમિયાન થવાનું છે. માઈ ભક્તોને તકલીફ ન પડે, તે માટેની એક અલગ વ્યવસ્થા જીએસઆરટીસી (GSRTC) દ્વારા કરવામાં આવી છે. આ વખતે પ્લાસ્ટિક-ફ્રી યાત્રા થાય તે માટેનું પણ આયોજન કરવામાં આવ્યું છે.)*

બીજી તરફ સાબરકાંઠાના સાંસદ શોભના બારૈયાએ ભાદરવી પૂનમ મેળા વિશેષ ટ્રેનમાં મુસાફરી કરી શ્રદ્ધાળુઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ ટ્રેન 1 ઓક્ટોબર સુધી દરરોજ ચલાવાશે.

# BHADARVI PUNAM MELO – DAY 2

શક્તિપીઠ અંબાજી ખાતે ચાલી રહેલા ભાદરવી પૂનમ મહામેળાના બીજા દિવસે મોટી સંખ્યામાં માઈભક્તોએ પગપાળા યાત્રા કરી મા અંબાના દર્શન કર્યા. અંબાજી તરફ આવતા તમામ માર્ગો પર યાત્રાળુઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

યાત્રાળુઓ માટે ઊભી કરાયેલી સુવિધાઓ અંગે એક પદયાત્રીએ આ મુજબ પ્રતિક્રિયા આપી.

**(BYTE : VANRAJ SINH, YATRALU)**

*(હું આશરે છેલ્લા સાત વર્ષથી અંબાજી ચાલુ છું. રોડ રસ્તા, બધી રીતે લાઈટિંગ, કેમ્પની સુવિધા, સરકાર તરફથી બહુ સારી ફેસિલિટી મળે છે. અને અંબાજીમાં પણ બહુ રીતે સારી એમ કે ચોરી બોરી કઈ નહિ થતું, એની પણ ફેસિલિટી સારી મળે છે અમને.)*

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ATAL SUSHAN PURSKAR

રાજ્ય સરકારે વહીવટી તંત્રમાં અધિકારીઓ દ્વારા કરવામાં આવતી ઉત્કૃષ્ટ કામગીરીને પ્રોત્સાહન આપવા 'અટલ સુશાસન પુરસ્કાર' યોજના અમલમાં મૂકવાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ નાગરિકલક્ષી વહીવટ, ઉત્કૃષ્ટ કામગીરી અને સુશાસનના સિદ્ધાંતોને મજબૂત બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપનારા અધિકારીઓને દર વર્ષે પુરસ્કાર અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે. ચાલુ નાણાકીય વર્ષ 2025-26થી આ યોજના લાગુ કરાશે. યોજનામાં કામગીરીના મૂલ્યાંકન માટેનો સમયગાળો દર વર્ષે 1 એપ્રિલથી 31 માર્ચ સુધીનો નિર્ધારિત કરાયો છે. યોજના અંતર્ગત વર્ગ-1ના અધિકારીઓને 31 હજાર અને વર્ગ-2ના અધિકારીઓને 21 હજારનો રોકડ પુરસ્કાર અપાશે.

નાગરિકો સાથે સીધા જોડાયેલા આરોગ્ય અને પરિવાર કલ્યાણ, શિક્ષણ અને મહેસૂલ વિભાગ સહિત મહત્વના 7 વિભાગોના અધિકારીઓને આ પુરસ્કાર એનાયત કરાશે.

# DISTRICT- SEVA SANKALP ABHIYAN

રાજ્યભરમાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં પ્રધાનમંત્રીની સુકન્યા સમૃદ્ધિ યોજનાને પ્રોત્સાહન આપવા માટે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજાઇ ગયો.

મહીસાગર જિલ્લા પોલીસ વડા સફિન હસનની આગેવાનીમાં સાતકુંડા ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત મહા સ્વચ્છતા અભિયાન યોજાઇ ગયું. જિલ્લા પોલીસ વડા સહિત અન્ય મહાનુભાવો તથા મોટી સંખ્યામાં પોલીસકર્મીઓ સહિત ગ્રામજનો અને યુવાનો પણ આ સ્વચ્છતા યજ્ઞમાં જોડાયા હતા.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મહાનુભાવોના હસ્તે આયુષ્માન વયવંદના યોજના, વ્હાલી દિકરી યોજના સહિતની યોજનાના લાભાર્થીઓને લાભ વિતરિત કરાયા હતા.

ભાવનગરમાં પણ આ અભિયાન અંતર્ગત જિલ્લા પોલીસ સ્વચ્છતા અભિયાનની ઉત્સાહભેર ઉજવણી કરાઇ.

વલસાડમાં સેવા સંકલ્પ અભિયાન હેઠળ ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા નનકવાડાની અંધજન શાળામાં સેવા કાર્યક્રમ યોજાયો હતો. કચ્છ જિલ્લામાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 21 સપ્ટેમ્બરથી 9 ઓક્ટોબર દરમિયાન ગ્રામ્યસ્તરે 9 તાલુકાના 51 ક્લસ્ટરમાં 'સેવાસેતુ 2.1'નું આયોજન કરવામાં આવ્યું છે. કચ્છના અંજારમાં નિવૃત્ત રમતવીર પેન્શન યોજના હેઠળ ખેલાડી જયપ્રકાશ જોશી દર મહિને 3 રૂપિયાનું પેન્શન મળે છે."

# RAJYPAL -PRAKRUTIK KRUSHI PARISMVAD

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતમાં નર્મદા જિલ્લાના એકતાનગર સ્થિત સહકાર ભવન ખાતે આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં યોજાયો.

તેમણે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. પરિસંવાદ સ્થળે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણના વિવિધ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા, જેની પણ તેમણે મુલાકાત લઈ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો નિહાળ્યા હતા અને ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. શ્રી દેવવ્રતે જણાવ્યું હતું કે એક દેશી ગાયથી શરૂ થતી પ્રાકૃતિક ખેતી ખેડૂતના જીવનમાં સકારાત્મક બદલાવ લાવે છે, તેમણે વધુમાં જણાવ્યું કે ગુજરાતમાં 9 લાખથી વધુ ખેડૂતો અને નર્મદામાં 11 હજાર ઉપરાંત ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા.  રાજ્યપાલ શ્રી કહ્યું કે, પ્રાકૃતિક કૃષિમાં ભરોસો રાખી પોતાના પરિવાર માટે જમીનના એકાદ ભાગમાં પ્રાકૃતિક કૃષિ શરૂ કરવા ખેડૂતોને અનુરોધ કર્યો.

# BHAVNAGAR SADHAN SAHAY

કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ ભાવનગરના ગારીયાધાર ખાતે રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત 680 લાભાર્થીઓને નિઃશુલ્ક સાધન સહાયનું વિતરણ કર્યું. આ કાર્યક્રમમાં 61 લાખથી વધુના 3 હજાર 752 જેટલાં નિઃશુલ્ક સાધનોનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે શ્રીમતિ બાંભણિયાએ જણાવ્યું કે, વયોવૃદ્ધ નાગરિકો નિઃશુલ્ક સાધન સહાયથી સ્વાવલંબી અને આત્મનિર્ભર બને છે.

# WEATHER

રાજ્યમાં વરસાદી માહોલ યથાવત છે. રાજ્યના કેટલાંક તાલુકમાં આજે હળવો વરસાદ વરસ્યો. રાજ્યમાં સિઝનનો 88.67 ટકા વરસાદ નોંધાયો છે. વરસાદને પગલે જળાશયોમાં પાણીની આવક થઈ છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ 97.23 ટકા ભરાયો છે.  જ્યારે અન્ય 206 જળાશયોમાં 90 ટકા જેટલો જળસંગ્રહ થયો છે.

દરમિયાન હવામાન વિભાગે આગામી 7 દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. માછીમારોને દરિયો ના ખેડવા સૂચના અપાઈ  હોવાનું હવામાન ખાતાના વડા ડૉ. એ કે દાસે જણાવ્યું હતું.

**(BYTE : A K DAS, IMD DIRECTOR)**

***(21 लेकर आपका 27 सितंबर तक हल्की से मध्यम बरसात का संभावना रहेगा और जो सौराष्ट्र कच्छ रीज़न है इसमें आपका  21 लेकर 24 सितंबर तक हल्की से मध्यम बरसात का संभावना रहेगा। आज दोनों क्षेत्र में ही थंडर स्टॉर्म का वार्निंग दिया गया है, बिजली गिरने के साथ। गुजरात रीज़न और सौराष्ट्र कच्छ दोनों रीज़न में, फिशरमैन भाई के लिए भी वार्निंग दिया गया है।)***

# INTER-DISTRICT FOOTBALL TOURNAMENT

રિલાયન્સ કપ સીનીયર મેન્સ ઇન્ટર ડીસ્ટ્રીક ફૂટબોલ ટુર્નામેન્ટમાં અરવલ્લી, સુરેન્દ્રનગર,  ભરુચ, ભાવનગર, કચ્છ, દેવભૂમિ દ્વારકાની ટીમો નોક આઉટમાં પહોચી છે. ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોશિએશન દ્વારા આયોજિત આ સ્પર્ધાની ક્વાલીફાયર મેચમાં વલસાડનો ડાંગ સામે, કચ્છનો તાપી સામે વિજય થયો જ્યારે દેવભૂમિ દ્વારકાની ટીમે દાહોદની ટીમને નોક આઉટમાં પ્રવેશ કર્યો છે.

આવતીકાલે અરવલ્લી અને સુરેન્દ્રનગર, ભરુચ અને ભાવનગર તથા કચ્છ અને દેવભૂમિ દ્વારકાની ટીમો વચ્ચે મેચ રમાશે.